# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

રેફ નં. તાઃ ૧૮/૯/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ઇન્ડોનેશિયામાં નહીં બનતા ફેબ્રિકસ, સુરતથી સીધા ઇન્ડોનેશિયા એકસપોર્ટ કરી શકાય તે માટે મંજૂરી આપવા ચેમ્બરની રજૂઆત

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા મુંબઇ સ્થિત ધી કોન્સ્યુલેટ જનરલ ઓફ ધી રિપબ્લીક ઓફ ઇન્ડોનેશિયા, નવી દિલ્હી સ્થિત એમ્બેસી ઓફ ધી રિપબ્લીક ઓફ ઇન્ડોનેશિયા અને ચેન્નાઇ સ્થિત ઇન્ડોનેશિયન ટ્રેડ પ્રમોશન સેન્ટરના સંયુકત ઉપક્રમે શનિવાર, તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરે ૦૨:૦૦ કલાકે ઝુમ એપ્લીકેશનના માધ્યમથી વર્ચ્યુઅલ ઇન્ટરેકટીવ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે મુંબઇ સ્થિત કોન્સુલ જનરલ ઓફ ધી રિપબ્લીક ઓફ ઇન્ડોનેશિયા આગુસ પી. સાપ્તોનો ઉપસ્થિત રહયા હતા. જેમાં ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવા તેમજ રોકાણ વધારવા સંદર્ભે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઉપરોકત વર્ચ્યુઅલ ઇન્ટરેકટીવ ડિસ્કશનમાં ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતી તથા ગૃપ ચેરમેન અમિષ શાહ અને ચેમ્બરની કોન્સ્યુલેટ લાયઝન/ઇન્ટરનેશનલ બિઝનેસ ડેલીગેશન કમિટીના ચેરમેન હર્ષલ ભગત જોડાયા હતા. તેઓએ ઇન્ડોનેશિયામાં જે ફેબ્રિકસનું ઉત્પાદન થતું નથી તેના ડેટા ચેમ્બરને આપવા માટે જણાવ્યું હતું. સાથે જ સુરતમાં બનતા એવા ફેબ્રિકસનું ઇન્ડોનેશિયામાં સીધું એકસપોર્ટ કરી શકાય તે માટે મંજૂરી આપવા તથા તેના માટેની પોલિસી બનાવવા માટે અનુરોધ કર્યો હતો. આ ડિસ્કશનમાં કોન્સુલ જનરલ આગુસ પી. સાપ્તોનો દ્વારા ચેમ્બરને ટ્રેડ એકસ્પો ઇન્ડોનેશિયા– ૨૦૨૧ની મુલાકાત લેવા માટે આમંત્રણ પણ આપવામાં આવ્યું હતું.